
# Veer Narmad
# South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**

## દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

**Vol.1, Issue.11, April 2019**

For Private Circulation Only









Dr.Shivendra Gupta
Vice-Chancellor

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ





જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત.
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુમ્બી, પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સન્તતિ સઉને, પ્રેમ ભક્તિની રીત–
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

## યુનિવર્સિટી ન્યુઝ

### ‘ડૉ. બી.આર.આંબેડકરનું જીવન’:‘ચિત્ર સ્પર્ધા’

ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ભારતરત્ન બાબા સાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર (ડૉ. બી.આર.આંબેડકર અભ્યાસ માટેનું કેન્દ્ર) શરૂ કરવામાં આવી છે. તા.૨૦/૦૩/૨૦૧૯ના રોજ ‘ડૉ. બી.આર. આંબેડકરનું જીવન’ વિષય પર એક ‘ચિત્ર સ્પર્ધા’ નું આયોજન ડૉ.બી.આર.આંબેડકર ચેર તથા ફાઈન આર્ટસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે મા.કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તાની અધ્યક્ષતમાં કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધાનો મુખ્ય હેતુ આજની યુવા પેઢીને ભારતરત્ન અને સંવિધાનના ઘડવૈયા ડૉ. ભીમરાવ રામજી આંબેડકરના જીવનથી પરિચિત કરાવવાનો હતો.‘ચિત્ર સ્પર્ધા’માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઈન આર્ટસ વિભાગમાં અભ્યાસ કરતા ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.


કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે મા.કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ આવકાર પ્રવચન આપ્યું હતું અને જણાવ્યું હતું કે ભારતરત્ન અને સંવિધાનના ઘડવૈયા ડૉ. ભીમરાવ રામજી આંબેડકરના જીવનને અને તેમના જેવી બહુમુખી પ્રતિભાને કેનવાસ પર રંગ અને પેન્સિલથી કંડારવીએ ખૂબ સરાહનીય કામ છે. તેમણે ઉમેર્યું હતું કે ચિત્રો એવાં હોવા જોઈએ કે બોલતા હોય, આપણી સાથે વાતો કરતા હોય. તમે દોરેલા ચિત્રમાં કોણ છે તેનું નામ કહ્યા વગર લોકોને પૂછો કે આ ચિત્ર કોનું છે અને જો લોકો તેમને ઓળખી કાઢે તો સમજવું કે તમે શ્રેષ્ઠ ચિત્ર દોર્યુ છે. તેમણે કહ્યું હતું કે, ડૉ. બી.આર.આંબેડકરનું જીવન ચરિત્ર અને તેમના કાર્યો તથા વિચારો પ્રર્વતમાન સમય અને સાંપ્રત બાબતોમાં સૌથી પ્રસ્તુત છે.

‘ચિત્ર સ્પર્ધા’ માં પ્રથમ ક્રમે કુ. અંજલી ચોપરા, દ્વિતીય ક્રમે શ્રી ભદ્રેશ શિઘાલા જયારે તૃતીય ક્રમે શ્રી સંકેત પટેલ રહ્યા હતા. ‘ચિત્ર સ્પર્ધા’ માં નિર્ણાયક તરીકે ફાઈન આર્ટસ વિભાગના અધ્યાપક શ્રી મેહુલ પટેલ તથા શ્રી રાજશ્રી સ્માર્ટ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. વિજેતાઓને મા.કુલપતિ ડૉ.શિવેન્દ્ર ગુપ્તાએ પ્રમાણપત્રો તથા રોકડ પુરસ્કાર આપ્યા હતા.

‘ચિત્ર સ્પર્ધા’ માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા મટીરીયલ ખર્ચ ડૉ.બી.આર. આંબેડકર ચેર દ્વારા આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. બી.આર.આંબેડકર ચેરના ચેરમેન ડૉ. ગૌરાંગ રામી દ્વારા કરવામાં આવ્યું હતું તથા ‘ચિત્ર સ્પર્ધા’ ના કો–ઓર્ડીનેટર તરીકે ફાઈન આર્ટસ વિભાગના અધ્યાપક શ્રી યોગેન્દ્ર પટેલે સેવાઓ આપી હતી.

(અહેવાલઃ ડૉ. ગૌરાંગ રામી, ચેરમેન, ડૉ.બી.આર. આંબેડકર ચેર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.)









## યુનિવર્સિટી ગ્રંથાલય: કોશ પ્રદર્શન

યુનિવર્સિટી ગુજરાતી વિભાગના પ્રુફ રીડીંગ સર્ટીફિકેટ કોર્ષના વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગ્રહિત વિવિધ ભાષાના કોશનું પ્રદર્શન તા.૨–૩–૨૦૧૯ ના રોજ કરવામાં આવેલું હતું. જેમાં કુલ ૧૫ વિદ્યાર્થીઓ અને વિભાગના ડૉ. જશુભાઈ પટેલ સહિત પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.







## M.Phil.
## During 13 June 2018 to 19th March 2019

### BIOSCIENCE (MICROBIOLOGY)

1. Saudagar, Kausar Mustak. Mycoremediation- an eco-friendly approach. (Guide: Dr. Nafisa Patel, Assistant Professor, Naran Lala College of Professional Applied Sciences, Navsari).
2. Suryawanshi, Hemlata Kantilal. Production and partial purification of alkaline proteases from fungal isolates and their application.(Guide: Dr. Nileshkumar D. Pandya, Assistant Professor, Arts, Science & Commerce College, Kholwad, Surat).

### CHEMISTRY

3. Patel, Ankurbhai Ashokbhai. The study of corrosion of brass 70/30 in nitric acid and its prevention by some organic compounds and green inhibitors. (Guide: Dr.Mahendrasinh B. Mahida, Associate Professor, Sir P.T. Sarvajanik College of Science, Surat).
4. Patel, Hirenkumar Shankarbhai. Synthesis of hydroquinone and anthraquinone based acid dyes and their application on various fibres. (Guide: Dr. N.B.Patel, Professor & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat).
5. Sawant, Rimpal Raghunath. Water soluble pyrazolone azo dye as an analytical reagent. (Guide: Dr. Ketan C. Desai, Sir P.T. Sarvajanik College of Science, Surat).
6. Tailor, Hetalben Vasantbhai. Silica supported melamine trisulfonic acid catalyst for the synthesis of tetrazoles- A green chemistry approach. (Guide: Dr. Dharmesh Mahajan, Assistant Professor, Government Science College, At & Po. Vankal, Ta. Mangrol.
7. Umrigar, Nikitaben Hasmukhbhai. Multicomponent Reaction in the Synthesis of New Heterocyclic Derivatives and their Biological Activity. (Guide: Dr. Ketan C. Parmar, Assistant Professor, Sir P.T. Sarvajanik College of Science, Surat).

## COMMERCE/ACCOUNTANCY

8. Gajjar, Yashasvi Hemantbhai. A study on service quality of selected post offices in Bardoli division in Gujarat state. (Guide: Dr. Martina Naronha, Principal, Sir K.P.College of Commerce, Surat).

9. Jadav, Sunilbhai Motibhai. A study of financial investment of tribal women under SHGs scheme of vasudhara dairy of valsad district(A case study of Dharampur Taluka of valsad District.(Guide: Dr. Sanjaykumar M.Patel, Principal, Government Arts & commerce college, Khergam, Dist.Navsari).

10. Prajapati, Shobhanaben Rameshbhai. Women customer's perception of retail banking services of selected indian banking sector in India: A comparative study of SBI, ICICI bank and Surat People's Co-operative bank in Surat city. (Guide: Dr. Girishkumar N. Rana, Associate Professor, J.Z. Shah Arts and H.P. Desai Commerce College, Amroli, Surat).

11. Sapa, Nimisha Maheshkumar. A comparative study of financial performance of selected pharmaceutical companies in India : With special reference to RPG Life Sciences Ltd, and Intas Pharmaceuticals Ltd. (Guide: Dr. Sanjay Shinde, Assistant Professor, Arts and Commerce College, Sabargam).

## COMPARATIVE LITERATURE

12. Patel, Bhaveshkumar Kanubhai. 'મળેલા જીવ' અને 'સજા' નવલકથામાં નિરૂપાયેલું પ્રેમતત્ત્વ: એક તુલનાત્મક અભ્યાસ.(Dr. Mukesh R. Vasava, Assistant Professor, Department of Comparative Literature, Veer Narmar South Gujarat University, Surat.)

## COMPUTER SCIENCE

13. Kapadia, Gayatri Shitanshu. An efficient method for indexing in elastic search for document retrieval. (Guide: Dr. R.D. Morena, Associate Professor, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat).

14. Shah, Bhavini Kaushikkumar. Prediction of humidity using ensemble linneu model. (Guide: Dr. Ravi Gulati, Associate Professor, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat).

15. Thakkar, Kartik Mukeshbhai. Glaucoma detection by analysing features of optic nerve head from retinal fundus images. (Guide: Dr. Ravi Gulati, Associate Professor, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat).

## GUJARATI

16. Gamit, Hemlataben Govindbhai. Gaamit Lokvartao : Ek Abhyas. (Guide: Dr. Vikrambhai Chaudhari, Assistant Professor, P.R.B. Arts and P.G.R. Commerce College, Bardoli).

17. Hansoti, Pinalben Parbhubhai. Naneet Janini vartao: Ek abhyas(sama kanthani vasti ane reality show na sandrafe). (Guide: Arjunsinh S. Gadhavi, Assistant Professor, V.C.T. Mahila Arts & Commerce College, Bharuch.)

18. Kunkana, Nirvanbhai Chhaganbhai. Bipin Patelni Vaartaoma Samaj Nirupan (Vaartaono Vishayvastulakshi Abhyas). (Guide: Dr. N.M.Vegda, Assistant Professor, Shri Vanrah Arts and Commerce College, Dharampur).

19. Patel, Arunaben Maganbhai. Yashwant Pandyana Ekankioma Manchankshamata. (Guide: Dr. Jayshree M. Solanki, Assistant Professor, S.M.Arts and Smt.S.R. Chamaria Commerce College, Motapondha).

20. Patel Harshadkumar Arvindbhai. Paresh Nayakna natako: Ek samishatmak Abhyas.(Fargati, chanuchapnu, ishvison 2022 ane chakravat na sandrafe). (Guide: Arjunsinh S. Gadhavi, Assistant Professor, V.C.T. Mahila Arts & Commerce College, Bharuch.)

21. Patel, Shital Thakorbhai. Ila Aarab Mahetani Navalikaoma Narichetana. (Guide: Dr. Rekhaben Bhatt, Assistant Professor, M.T.B. Arts College, Surat).

22. Thakor, Kalindiben Harishchandra. Gujarati Navalkathama Marnonsukh Sthitinu aalekhan-ek abhyas(Mrutu, Kamini, asudhar na sandraf ma.(Guide: Dr. Naresh Shukla, Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat.

23. Sarang, Jigishakumari, Hashmukhbhai. My dear Jyu ni vartaono vishayvastulakshi abhyas. (Guide:Dr.Chetankumar B. Modi, Associate Professor, Naryug Arts College, Surat).

## HINDI

24. Kumavat, Kiranben Puranbhai. Maitraiyi Pushpa ke upanyasho me sangharsh aur dwand. (Guide: Dr. Maheshbhai Patel, Assistant Professor, Shri J.B.D.Mahila Arts College, Varachha, Surat).
25. Patel, Mitalkumari Ranchhodbhai. Ek vishista kruti ke rup me 'Rag Darbari' upanyash. (Guide: Dr. N.M. Kalarthi, Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch).
26. Thakor, Hiralben Sukabhai. Sarveshwardayal Saxena Ke Upanyaso me Patra Parikalpana. (Guide: Dr. Madhu M. Vasava, Assistant Professor, Shri M.R. Artas and Science College, Rajpipla).

## HISTORY

27. Vasava, Anishaben Devjibhai. Narmada Jillana aadivashi melao ane haat: Aitihashik pripreksyama ek adhyayan. (Guide: Dr. Chandubhai C. Chaudhari, Associate Professor, Z.F.Wadia Women's Arts and N.K.Johta College of Commerce, Surat).

## MANAGEMENT

28. Gaur, Sagargaur Maheshraj. Factors influencing the soppers store choice: A study in the context of food and grocery shopping. (Guide: Dr. Manish V. Sidhpuria, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat).
29. Pandhi, Shaileshkumar Pankajbhai. Customer Satisfaction Level towards Service Quality while they Purchase Grocery from Organised Retail Mall in Surat City. Guide: Dr. Hitesh Parmar, Assistant Professor, GHPIBM, Sardar Patel University, Vallabh Vidhyanagar).
30. Sharma, Sukriti Basudeo. A Study on Employee Engagement : An Empirical Study of Factors Affecting in Higher Education (Teaching) Sector in Bharuch District. (Guide: Dr. Dhaval Maheta, Assistant Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat).
31. Thakur, Princy Pradeep. Customers perception towards cashless modes of transaction: A study of South Gujarat region. (Guide: Dr. Janki Mistry, Assistant Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat).
32. Tiwari, Rahul Harishankar. A Study of Measuing the Employee Engagement in Chemical Industries of South Gujarat Region. (Guide: Dr. Jaydip Chaudhari, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat).

## MATHEMATICS

33. Gheewala, Brinda Dipakkumar. A studynof theoretical and practical aspects of finite element method. (Guide: Dr. Kaushal Patel, Assistant Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat).
34. Khatri, Nikunjkumar Dipakbhai. Application of spline interpolation in engineering and agriculture. (Guide: Dr.Harish D. Doctor, Ex.Professor and and Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat).
35. Kolhe, Pratima Murlidhar. Inventory models of perishable products. (Guide: Dr. P.N.Mishra, Assistant Professor, Narmada College of Science and Commerce, Zadeshwar).
36. Kolte, Atul Dattatray. A study about numerical solution of boundary value problems by using legendre galerkin method. (Guide: Dr. D.C.Joshi, Associate Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat).
37. Lad, Divyaben Maheshbhai. Eigen value approach to study a system of liner differential equation in speed of epidemic model. (Guide: Priti V. Tandel, Assistant Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat).
38. Patel, Dhara Bharatbhai. Numerical aspects in the study of ground water recharge model through porous media. (Guide: Priti V. Tandel, Assistant Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat).

## MICROBIOLOGY

39. Gajjar, Priyanka Navinchadra. Phenotypic and genotypic characterization and the study of type iii secretion system of pseudomonas aeruginosa in Surat region. (Guide: Dr. Manisha Shah, Assistant Professor, S.R.K.I.of Computer Education and Applied Sciences, Surat).

## PHYSICS

40. Sailor, Neha Thakorbhai. Classical molecular dynamics calculation of fusion cross section of some heavy-ion reaction involving 40 ca. (Guide: Dr. S.S.Godre, Professor, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat).

## PSYCHOLOGY

41. Parmar, Sonal Parbhubhai. A Comparative Study of Roll Conflict and Occupational Stress of the Teachers of Bharuch District. (Guide: Dr. B.B. Dhivar, Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch).
42. Thakar, Sneha Kantilal. A comparative study on personality and adjustment among alcohol habituated and alcohol non-habituated males of Navsari district's rural area. (Guide: Dr.Jyoti Joshi, Associate Professor, Smt.J.P.S.Arts College, Valsad).

## SANSKRIT

43. Padher, Jayaben Ramubhai. Shridhardaskrut sadukitkarnamut ma amarpravah ek adhyayan. Dr. Sitaben D. Patel, Associate Professor, Shree Jayendrapuri Arts & Science College, Bharuch).
44. Patel, Riddhi Mukeshbhai. Sanskrut Prahasano 'Mattavilasam' ane 'Bhagawadjjukiyam' ma Samaj Shikshan-Ek Addhyan. (Guide: Dr. Sitaben D. Patel, Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch).Solanki, Yogitaben Balvantsinh. Mahakavi Shree Vishwanath krut- 'Saugandhikaharanam'-ek samikshatmak adhyayan. (Guide: Dr.Survirsinh I. Thakor, Assistant Professor, S.S.J.S.B.Commerce College and Shri S.S.K.U.Arts College, Olpad).

## કોલેજ ન્યૂઝ

### સ્પર્ધા

૧) ગણિતશાસ્ત્ર વિભાગ, નવયુગ સાયન્સ કોલેજ, સુરત દ્વારા આયોજિત સ્ટેટ લેવલ મેથેમેટિક્સ ક્વિઝ કોમ્પિટિશન તા.૧૮/૦૨/૨૦૧૯નાં રોજ યોજાયેલ હતી. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૫ ટીમે ભાગ લીધો હતો. જેમાં સેન્ટ ઝેવિયર્સ, અમદાવાદ કોલેજને પ્રથમ ક્રમ, નવયુગ સાયન્સ કોલેજ, સુરતને દ્વિતીય ક્રમ અને એમ.જી.સાયન્સ કોલેજ, અમદાવાદને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ગણિતશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ આચાર્ય શ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, ગણિતશાસ્ત્ર વિભાગના વડા ડૉ. જે.કે.પટેલ તેમજ કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.



૨) ચરોતર યુનિવર્સિટી સાયન્સ એન્ડ ટેકનોલોજી ચાંગા દ્વારા રાજ્ય કક્ષાનો સાયન્સ મંથન કાર્યક્રમ આણંદ ખાતે તા.૫–૧–૨૦૧૯ના રોજ યોજાયેલ. જેમાં લગભગ ૪૭ કોલેજના ૧૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નવયુગ સાયન્સ કોલેજ,સુરતના ગણિતશાસ્ત્ર વિભાગના ૯ વિદ્યાર્થીઓ દ્વારા ગણિતશાસ્ત્રમાં પોસ્ટર પ્રેઝન્ટેશન અને વર્કીંગ મોડેલ રજૂ કરવામાં આવ્યાં હતાં. પોસ્ટર પ્રેઝન્ટેશનમાં પ્રથમ અને દ્વિતીય ઈનામ પ્રાપ્ત કરેલ તથા વર્કીંગ મોડેલમાં દ્વિતીય ક્રમ હાંસલ કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. તે બદલ આચાર્યશ્રી ડૉ.અશ્વિનભાઈ એસ.પટેલ અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા.



૩) એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે ગુજરાત સરકારની ખેલકૂદ, વ્યાયામ, યોગધારાના ઉપક્રમે ફેબ્રુઆરી માસના પ્રથમ અઠવાડિયામાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ, ક્રિકેટ વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ, ક્રિકેટ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી.રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ સ્પર્ધાનું આયોજન પ્રા.સોનલબેન એસ.વસાવા અને પ્રા.પાર્થ કે.ઠક્કરે કર્યું હતું. નિણાર્યક તરીકે પ્રા.સોનલબેન એસ.વસાવાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો ઉત્તમ સહકાર મળ્યો હતો.

૪) તા.૮ થી ૧૦ માર્ચ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત મુકામે ૪૬માં ખેલકૂદ રમતોત્સવ યોજાયો હતો. જેમાં ૧૦૯ કોલેજોના ૧૩૦૦ થી વધારે ખેલાડીઓએ ભાગ લીધો જેમાં દિવ્યાંગ બહેનોની સ્પર્ધામાં એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની એસ.વાય.બી.કોમની વિદ્યાર્થિની યાદવ પૂજા એ. ગોળા ફેંક સ્પર્ધામાં ૪.૪૫ મીટર ગોળો ફેંકી સિલ્વર મેડલ તથા લાંબી કૂદ સ્પર્ધામાં ૨.૨૭ મીટરનો જમ્પ લગાવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.આ સિદ્ધિ બદલ ઈન્ચાર્જ આચાર્ય વર્ષાબેન ટી.રાણા, ફિજીકલ ઈન્સ્ટ્રકટર સોનલબેન એસ.વસાવા તેમજ કોલેજ પરિવાર વિજેતા ખેલાડીને અભિનંદન પાઠવે છે અને આવનારા સમયમાં વધારે ઉત્તમ પ્રદર્શન કરી આગળ વધે તે માટે શુભેચ્છાઓ પાઠવે છે.

## ચૂંટણી

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા.૧૧–૧–૨૦૧૯નાં રોજ આઠ વર્ગમાં ચૂંટણી થઈ ત્રણ બિનહરીફ ચૂંટાયા હતા. જેમાં જી.એસ. તરીકે પટેલ બંસીબેન સુરેશભાઈ ચૂંટાઈ આવ્યા. ચૂંટણી પ્રક્રિયા ખૂબ જ શાંતિ પૂર્વક થઈ હતી. ચૂંટણી પ્રક્રિયાની કામગીરી પ્રા.ર્ડા. જે. કે. પટેલે સંભાળી હતી. આચાર્યશ્રી ર્ડા.અશ્વિનભાઈ એસ.પટેલ તથા સમગ્ર સ્ટાફના સભ્યોએ ચૂંટાયેલ તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા છે.

## N.C.C.

એન.સી.સી.ના નવયુગ આર્ટસ કોલેજ, સુરતના સિનિયર કેડેટ એહમદનૂર મનસૂરી, દિલ્હી ખાતેનાં R.D.C. કેમ્પમાં પસંદગી પામ્યા હતા. જેમાં તેઓ ગુજરાત ટીમના સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ટીમને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવામાં સહભાગી બન્યા હતા. તેઓને અમદાવાદ ખાતે રાજયના ગવર્નર તરફથી મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રી ર્ડા.અશ્વિનભાઈ એસ.પટેલ તેમજ એન.સી.સી.ઓફિસર શ્રી એમ.જે.શાહે અભિનંદન પાઠવ્યા હતા.



## પુસ્તક પ્રદર્શન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય, સાહિત્ય પ્રત્યે રૂચિ જાગે, અભ્યાસક્રમ ઉપરાંત ઈતર સાહિત્યના વાંચન પ્રત્યે જાગૃતિ કેળવે તેવા શુભ આશયથી પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જનરલ નોલેજ, સાહિત્ય, ડિક્સનરીઓ, કારકિર્દી માર્ગદર્શન, વ્યકિતત્વ વિકાસ, એકાઉન્ટન્સી, મેનેજમેન્ટ, અર્થશાસ્ત્ર, બેકિંગ, કાયદો, આંકડાશાસ્ત્ર, સેક્રેટેરિયલ પ્રેકટ્સિ વગેરે વિવિધ વિષયોના પુસ્તકોનુ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેનો કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

## વિદાય સમારંભ

૧) એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા.૦૨/૦૩/૨૦૧૯ના રોજ લાયબ્રેરી હોલમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. ઈન્ચાર્જ પ્રા.વર્ષાબેન ટી.રાણા, પ્રા. યોગેશ જે.દેસાઈ, પ્રા. નરેન્દ્રભાઈ બી.સોલંકી અને પ્રા.દીપિકાબેન પી. લાડે પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે તથા જીવનમાં આવનારા પડકારોનો મુકાબલો કરી દરેક ક્ષેત્રે સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ પોતાનાં કોલેજકાળનાં સંસ્મરણો– અનુભવો રજૂ કર્યા હતાં. કોલેજની સ્ટુડન્ટસ્ કાઉન્સિલના સામાન્ય મંત્રી શ્રી સૌરભ પાસવાને પણ પ્રાસંગિક વકતવ્ય રજૂ કર્યું હતું. અંતમાં રાષ્ટ્રગીતના સમૂહગાનથી કાર્યક્રમનું સમાપન થયું હતું.

૨) ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં તાલીમાર્થીઓનો વિદાય સમારંભ તથા ઈનામવિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમમાં બે વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓના વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા. તાલીમાર્થીઓએ પોતાના સુખદ પ્રતિભાવો આપ્યા હતા. ડૉ.હેતલબેન પટેલ અને પ્રા.નીતાબેન મોહિતે આપી આશીર્વચનો પાઠવ્યા હતા. શ્રી ડૉ. કે.વી.દેસાઈ અને ઈ.ચા.આચાર્ય ડૉ. પાયલબેન પટેલે તાલીમાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડી આશીર્વચનો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. રોશનીબેન આયતોડા અને ઈનામ વિતરણનું સંચાલન પ્રા. દેવાંગનાબેન પટેલે કર્યું હતું.

## વ્યાખ્યાન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદ્દિશા કલબના ઉપક્રમે નારણલાલા કોલેજ, નવસારીના પ્રા.ડૉ. વિશાલભાઈ માળીએ ''પર્સનાલિટી ડેવલેપમેન્ટ'' વિષય પર વિચારપ્રેરક પ્રવચન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂની તૈયારી કેવી રીતે કરવી તે અંગે વિસ્તૃત સમજ આપી હતી. જેમાં તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી.રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા.સોનલબેન એસ. વસાવાએ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો ઉત્તમ સહકાર મળ્યો હતો.

## એન.એસ.એસ.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં મહિલા સમિતિ અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સંયુકત ઉપક્રમે મહિલા સશકિતકરણ અંગે નિષ્ણાંતના વ્યાખ્યાનનું આયોજન થયું હતું. વલસાડની અસ્તિત્વ મહિલા ઉત્કર્ષ સંસ્થાના ધરમપુર ખાતેના કેન્દ્રના સંચાલિકા અને વલસાડના જાણીતા એડવોકેટ શ્રીમતી ગિરીબાળાબેન આચાર્ય ઉપસ્થિત રહયા હતા. તેમણે મહિલા કલ્યાણને લગતી પ્રવર્તમાન કાનૂની જોગવાઈઓ અંગેનું માર્ગદર્શન વિદ્યાર્થિનીઓને આપ્યું હતું. વ્યાખ્યાન દરમ્યાન તેમણે જાતીય સતામણી વિરુઘ્ધ અવાજ ઉઠાવવો જોઈએ, સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ થવો જોઈએ એ બાબત પર ભાર મૂકયો હતો. આ ઉપરાંત કાર્યક્રમના બીજા ભાગમાં ડૉ. નયનાબેન અને બીલીમોરા નગરપાલિકાના વાઈસ પ્રસિડેન્ટ તેજલબેન ઉપસ્થિત રહયા હતા. ડૉ. નયનાબેને વિદ્યાર્થિનીઓને મેનસ્ટ્રુઅલ હાઈજીન એન્ડ ન્યુટ્રિશયન વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. નવસારી જિલ્લા મહિલા સુરક્ષા સમિતિના અઘ્યક્ષ તરીકે શ્રીમતી તેજલબેને મહિલા સશકિતકરણ અંગે વાકેફ કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ હાજર રહી કાર્યક્રમનો લાભ લીધો હતો. ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનશ્રીઓને પુષ્પગુચ્છ અને શબ્દોથી આવકાર્યા હતાં. કાર્યક્રમના સંચાલનનો દોર પ્રોગ્રામ ઓફિસર પ્રા. દિપીકાબેન લાડે સંભાળ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફનો ઉત્તમ સહકાર મળ્યો અને સફળતાપૂર્વક આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણીનો કાર્યક્રમ સંપન્ન થયો.

## સેમિનાર

(૧) એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં જ્ઞાનધારાના ઉપક્રમે જી.એસ.ટી. સેમિનારનું આયોજન થયું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ આંમત્રિત મહેમાનશ્રી અલ્પેશભાઈ ઉપાઘ્યાય (એડવોકેટ અને જી.એસ.ટી. કન્સલ્ટન્ટ) નું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું. તેમણે વિદ્યાર્થીઓને જી.એસ.ટી અંગે વ્યવહારું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રા. ચિરાગભાઈ ગુલાનીએ કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળ્યો હતો તેમજ આભારવિધિ કરી હતી.

(૨) શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૨૩/૩/૨૦૧૯ના રોજ IQAC ના ઉપક્રમે T.Y.B.Com ના વિદ્યાર્થીઓ માટે INTELLECTUAL PROPERTY RIGHTS વિષય પર શાહ એમ.કે.લો. કોલેજ, વલસાડના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સંજયભાઈ મણિયારે માર્ગદર્શન આપ્યું હતું. એમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ અને પ્રવાહી શૈલીમાં આ બૌધ્ધિક મિલ્કતનું રજીસ્ટ્રેશન કરાવવું કેમ જરૂરી છે. તથા હકીકતમાં RTI શુ છે અને એ કેવી રીતે ઉપયોગી છે, જેવી બાબતોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો.એમ.એ.મુલ્લા એ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઈ.ચા.આચાર્ય ડૉ. દક્ષાબેન ઠાકોરના શાબ્દિક આવકાર અને પ્રાસંગિક ઉદ્બોધનથી થઈ હતી.





## ઈનામ વિતરણ

એ.વી.પટેલ કોલેજ, બીલીમોરામાં ઈનામ–વિતરણ સમારોહ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના રજૂ કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે ડૉ. ભાવેશભાઈ આઈ.રાવલ (પ્રિન્સિપાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, પાંડેસરા, સુરત) તથા અતિથિ વિશેષપદે શ્રી ભરતભાઈ એમ.અમીન (ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી, બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા) તથા કેમ્પસ ડાયરેકટર ડૉ. દીપેશભાઈ શાહ ઉપસ્થિતિ રહયા હતા. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ ઈન્ચાર્જ આચાર્ય પ્રા.વર્ષાબેન ટી.રાણાએ મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

પોતાના પ્રસંગોચિત વકતવ્યમાં વિદ્યાર્થીઓને પ્રમાણિકતાસભર કઠોર પરિશ્રમ કરવાની શીખ આપી, તેમનાં ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. સ્ટુડન્ટ્સ કાઉન્સિલના ઉપપ્રમુખ પ્રા. યોગેશ જે. દેસાઈએ વર્ષ દરમિયાન ચાલેલી કોલેજની વિવિધ પ્રવૃત્તિઓનો ટૂંકો ચિતાર આપ્યો હતો. સાથોસાથ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રવૃત્તિઓનો ટૂંકો ચિતાર આપ્યો હતો. તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રવૃત્તિઓની ઝાંખી કરાવવામાં આવી હતી. વિવિધ પ્રવૃત્તિઓમાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મહેમાનો દ્વારા ઈનામો મેડલો ટ્રોફી એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના સંચાલનનો દોર પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકીએ સંભાળ્યો હતો. પ્રા. ચિરાગભાઈ એમ.ગુલાણીએ આભારદર્શન કર્યું હતું. અંતમાં, રાષ્ટ્રગીતના સમૂહગાન વડે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## શૈક્ષણિક પ્રવાસ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના પ્રવાસ સમિતિનાં અન્વયે વિદ્યાર્થીઓ માટે તા.૪–૩–૨૦૧૯ ના રોજ મહાશિવરાત્રીના દિવસે સેલવાસ પાર્લેજી ફેકટરી, નક્ષત્રગાર્ડન, સ્વામીનારાયણ મંદિર, દાદરા ગાર્ડનનો એક દિવસનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ૧૦૯ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની દેખરેખ અને માર્ગદર્શન માટે ૦૬ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યો પણ આ પ્રવાસમાં જાડાયા હતાં. સવારે ૭–૩૦ કલાકે બીલીમોરાથી નીકળી સેલવાસ પાર્લેજીની ફેકટરીમાં પહોંચ્યા હતા. ફેકટરીના મેનેજર કિશોરભાઈ સાથે મુલાકાત કરી વિદ્યાર્થીઓને વિડિયો બતાવવામાં આવ્યા હતો, જેમાં બિસ્કીટ ઉત્પાદન પ્રક્રિયાની સમજ આપી હતી. ત્યારબાદ ૧૦–૩૦ વાગ્યે પાર્લેજી ફેકટરીમાંથી નિકળી નક્ષત્રગાર્ડન પહોંચ્યા મનભાવન વાતાવરણ માણી મન પ્રફુલિત થઈ ગયું, અહી કુદરતી દ્રશ્યોનો અદ્ભુત નજારો જોઈ વિદ્યાર્થીઓ આનંદિત થઈ

ઊઠયા હતા. આ ગાર્ડનની મુખ્ય વિશેષતા એ છે કે વિવિધ પ્રકારની વનસ્પતિની જાતિઓના ઉછેર માટે પ્રખ્યાત છે. ત્યાં જઈ વિવિધ પ્રકારની વનસ્પતિઓના છોડ અને વૃક્ષો જોયા, ઘણી બધી જીવન ઉપયોગી માહિતી મળી, કયો છોડ કયા રોગ માટે ઉપયોગી છે. તે જાણવા મળ્યું. ગાર્ડનમાં નાસ્તો કર્યા બાદ સ્વામીનારાયણ મંદિર જવા માટે નીકળ્યા હતા લગભગ ૧૨:૪૫ કલાકે મંદિરની મુલાકાત લીધા બાદ વ્રત કરનાર વિદ્યાર્થીઓએ અને સ્ટાફના સભ્યોએ મંદિરના ભોજનાલયમાં ફળાહાર લીધો હતો.

બપોરે ૨:૩૦ કલાકે ''દાદરા ગાર્ડન'' દાદરા પર પહોંચી સૌ વિદ્યાર્થીઓએ ભોજન અને ચટપટા નાસ્તાની મઝા માણી હતા. બોટીગ પોઈન્ટ પર પહોંચ્યા ત્યાં વિદ્યાર્થીઓએ બોટીગની તથા ઓપણ જીમમાં કસરત કરવાની મજા માણી હતી. આ ક્ષણને વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલમાં સેલ્ફી અને ફોટાઓ દ્વારા કેદ કરી, યાદગાર ક્ષણો બનાવી દીધી હતી. ત્યારબાદ ૫:૦૦ કલાકે બીલીમોરા પરત આવવા પ્રસ્થાન કર્યું. રસ્તામાં કેટલાક મિત્રોએ પોતાના ઘરે જવા માટે અડધે રસ્તેથી વિદાય લીધી લગભગ ૬:૧૫ વાગ્યાની આસપાસ બીલીમોરા આવી પહોંચ્યા, આ પ્રવાસનો અનુભવ અમારા માટે ખૂબ યાદગાર રહયો. શૈક્ષણિક પ્રવાસનના મંત્રી પ્રા. સોનલબેન તથા સહાયક પ્રા.જીગીષાબેન પટેલ, અંકિતભાઈ હળપતિ, પ્રા. યોગેશભાઈ દેસાઈ, પ્રા.દિપીકાબેન લાડ, શ્રી ધનસુભાઈ પટેલે વિદ્યાર્થીઓની દેખરેખ અને માર્ગદર્શનમાં મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. શૈક્ષણિક પ્રવાસને સફળ બનાવવા માટે ઈન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી.રાણાનું સતત માર્ગદર્શન મળતું રહયું તથા કોલેજ સ્ટાફના સભ્યો અને કોલેજના જી.એસ.પાસ્વાન સૌરભે પણ આ પ્રવાસને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું.

**Chief Editor: Dr. K.C.Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr. B.J.Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Shri A.V.Dhaduk**
I/c Registrar
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgulibrary.org**.

**E-mail:**
**dakshinayanlibrary.vnsgu@gmail.com**

**'દક્ષિણાયન': સરનામુ**

ડૉ.બાબુલાલ અંકુયા
તંત્રી, દક્ષિણાયન
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના મગદલ્લા રોડ
સુરત-૩૯૫૦૦૭
**E-mail:**
**dakshinayanlibrary.vnsgu@gmail.com**

શિક્ષણદર્શન એ દાર્શનિક માન્યતાઓનો સરવાળો છે જે શિક્ષાર્થીના પૂર્ણ વ્યકિતત્વનો વિકાસ કરવામાં શિક્ષણને પ્રભાવી બનાવે છે. નહીં તો શિક્ષાર્થી વિદ્યાલય અથવા મહાવિદ્યાલય છોડયા પછી જીવનસાગરમાં હલેસાં વગરની નૌકાની જેમ પોતાની જાતને શિક્ષણનો બોજ વેંઢારતો જ અનુભવશે.

**– વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચ, ૧૯૬૨**

ભગવાનની પ્રાર્થના અને આપણા ગ્રંથોનું વાંચન રોજ થોડું કરવું તો સહેજે શાંતિ રહે.

**– પ્રમુખ સ્વામી મહારાજ**